# ફોજદારી કાર્યરીતિ અધિનિયમ -૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ જાહેરનામું

ક્રમાંક:ફજદ/વશી.૭૧૦૧-૭૨૨૨/૨૦૨૦
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી,
આહવા જિ.ડાંગ
તા.૨૭/૦૭/૨૦૨૦

ચાલુ વર્ષે તા.૨૦/૦૭/૨૦૨૦ દશામા માતાજીની મૂર્તિ સ્થાપના અને તા.૨૯/૦૭/૨૦૨૦ ના રોજ દશામા માતાજી મૂર્તિ વિસર્જન અનુસંધાને ઉત્સવ અને મૂર્તિ વિસર્જન સરઘસ નીકળતા હોય છે અને તે જ પ્રમાણે તા.૧૨/૦૮/૨૦૨૦ ના રોજ ભગવાન શ્રીકૃષ્ણ પ્રભુજીના જન્મ ઉત્સવ અનુસંધાને ધાર્મિક યાત્રાઓ નીકળતી હોય છે. તેમજ ચાલુ વર્ષે ગણેશ  તા.૨૨/૦૮/૨૦૨૦ ના રોજ ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના તથા તા.૦૧/૦૯/૨૦૨૦ ના રોજ મૂર્તિઓના વિસર્જન થનાર છે. વધુમાં તા.૦૧/૦૮/૨૦૨૦ ના રોજ બકરી ઈદ તથા તા.૩૦/૦૮/૨૦૨૦ ના રોજ મહોરમનો તહેવાર આવનાર છે. આ સમગ્ર બાબતને ધ્યાને લેતા આ મહોત્સવના અગાઉ મૂર્તિકારો મૂર્તિઓ બનાવતા હોય છે અને આ મૂર્તિઓની ધર્મ પ્રેમીઓ સ્થાપના કરી પૂજા અર્ચના કરતા હોય છે. આ અનુસંધાને મૂર્તિકારો તરફથી મૂર્તિઓના કદ બાબતે ઉંચાઇનુ યોગ્ય ધોરણ જળવાઇ રહે તથા વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન સરઘસનુ ટ્રાફિક સરળતાથી ચાલુ રહે, કાયદો-વ્યવસ્થાના કોઇ પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેમજ મૂર્તિ બનાવવાના સ્થળે ગંદકી કરવાના કારણે રોગચાળો ફેલાવાની શક્યતા રહે છે તેમજ ધાર્મિક લાગણી ના દુભાય તદુપરાંત મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઇ ચિન્હો કે નિશાની રાખવામાં ન આવે તેમજ કેમીકલયુક્ત રંગોનો ઉપયોગ મૂર્તિઓના કલરકામ માટે થતો હોઇ આવી મૂર્તિઓને નદી તથા તળાવના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતા પાણીજન્ય જીવો, માછલી તથા મનુષ્યને પણ નુકસાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા કેન્દ્રિય પ્રદુષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઇડલાઇન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ વખતો-વખતના ઠરાવો અને નામદાર સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા મૂર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઇડલાઇનને ધ્યાને રાખવી જરૂરી છે.

તેમજ હાલમાં વિશ્વભરમાં પ્રસરેલ કોવિડ-૧૯ કોરોના વાઇરસને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. નોવેલ કોરોના વાઇરસને ફેલાતો અટકાવવા કેન્દ્રિય ગૃહમંત્રાલયના હુકમ ક્રમાંક:40-3/2020-DM-1(A) તા.૨૯/૦૬/૨૦૨૦ થી દેશમાં અનલોક-૨ જાહેર કરવામાં અવેલ છે. જેમા કન્ટેઇનમેન્ટ ઝોનમાં તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે. તથા અનલોક-૨ અંતર્ગતની સુચનાઓ આપેલ છે. સદર હુકમ અન્વયે ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક:જીજી/૩૭/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૪૦/૪૮૨ તા.૩૦/૦૬/૨૦૨૦ અનુસાર સમગ્ર રાજ્યમાં નવી માર્ગદર્શિકા મુજબ તબક્કાવાર અનલોક-૨ નો તા.૦૧/૦/૨૦૨૦ થી તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી ચુસ્તપણે અમલવારી કરવા હુકમ કરેલ છે. જે અન્વયે અત્રેના ડાંગ જિલ્લામાં ચુસ્તપણે અમલવારી કરવામાં આવે છે. જેથી સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ આ જાહેરનામું કોઇ જાતના સામાજીક કે ધાર્મિક કાર્યક્રમો, સામાજિક મેળાવડા પર પ્રતિબંધ દર્શાવે છે. અને સદર તહેવારની ઉજવણી દરમ્યાન આ બાબતોને ધ્યાને રાખી અત્રેના ડાંગ જિલ્લામાં શાંતિ અને સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ

જળવાઇ રહે તે હેતુથી સાવચેતીના પગલારૂપે નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેક્શન) એક્ટ-૧૯૮૬ ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના પત્ર નં.ઇએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઇ તા.૨૬/૦૭/૨૦૧૦ની સુચના અનુસાર નામ.ગુજરાત હાઇકોર્ટ તથા મહારાષ્ટ્ર હાઇકોર્ટની સુચના તથા આપેલ આદેશ અનુસાર પર્યાવરણને નુકસાન ના થાય તે હેતુથી સાવચેતીના પગલા લેવા જરૂરી જણાય છે.

**::હુકમ::**

વાસ્તે હુ ટી.કે.ડામોર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ-આહવા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**::સમયગાળો::**

આ હુકમ તા.૨૧/૦૭/૨૦૨૦ થી તા.૦૨/૦૯/૨૦૨૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

**::વિસ્તાર::**

આ હુકમ ડાંગ જીલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

**::પ્રતિબંધિત કૃત્યો::**

(૧) દશામા માતાજી, ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવની તથા શ્રી ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિતની ૦૨(બે) ફુટ કરતા વધારે ઉંચાઇની બનાવવા, વેચવા, સ્થાપના કરવા તથા જાહેરમાર્ગ પર પરિવહન કરવા ઉપર

(૨) દશામા માતાજી, ભગવાન શ્રીકૃષ્ણની તથા શ્રી ગણેશજીની પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓ અને ફાયબરની મૂર્તિઓ બેઠક સહિતની ૦૨(બે) ફુટ કરતા વધારે ઉંચાઇની બનાવવા, વેચાણ, સ્થાપના કરવા તથા જાહેરમાર્ગ પર પરિવહન કરવા અને નદી તળાવ સહિતના કુદરતી જળસ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર

(૩) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યા તથા વેચાણ માટે રાખેલ જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઇપણ પ્રકારની ગંદકી કરવા કે કોઇપણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ટ્રાફિકને અડચણ થાય તે રીતે ખુલ્લી રાખવા ઉપર

(૪) દશામા માતાજી, ભગવાન શ્રીકૃષ્ણ તથા શ્રી ગણેશજીની માટીની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વેચાણ ન થયેલી તથા બનાવટ દરમ્યાન ખંડીત થયેલી મૂર્તિઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર

(૫) કોઇપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઇ ચિન્હો કે નિશાની વાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા, વેચવા અને સ્થાપના કરવા ઉપર

(૬) મૂર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરવા ઉપર

(૭) હાલમાં વિશ્વમાં કોવિડ-૧૯ કોરોનાની મહામારી ચાલતી હોય જેથી સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ કોઇપણ જાતના સામાજીક કે ધાર્મિક કાર્યક્રમ/મેળાવડા પર પ્રતિબંધ જાહેર કરવામાં આવેલ છે.જેથી,

(૧) દશામા માતાજી, ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ તથા શ્રી ગણેશ મહોત્સવ અનુસંધાને જાહેરમાં મંડપ કે પંડાલ બાંધવા નહી. તેમજ સોસાયટીના કોમન પ્લોટમાં રસ્તા-શેરી-મહોલ્લા જેવા બહારના સ્થળોએ મૂર્તિ સ્થાપના કરવી નહી.

(૨) મોટી સંખ્યામાં લોકોને એકઠા કરી જાહેરમાં ઉજવણી કરવી નહી.

(૩) વિસર્જન શોભાયાત્રા કાઢવી નહી અને ઘરે જ મૂર્તિનું વિસર્જન કરવાનુ રહેશે.

અધિક મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓના પત્ર નં.ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઇ તા.૨૬/૦૭/૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા.૧૮/૦૮/૨૦૧૫ના હુકમને આધારે ઉપર મુજબના પ્રતિબંધો ડાંગ જિલ્લામાં બહારથી દશામા, જન્માષ્ટમી ગોકુળ આઠમમાં કૃષ્ણની તથા ગણેશજીની મૂર્તિઓ લાવી વેચતા મૂર્તિકારો અને વેપારીઓને પણ લાગુ પડશે. જે અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**::શિક્ષા::**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઇ આથી એકતરફી હુકમ કરું છુ કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવી તથા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સપેક્ટર, પોલીસ ઇન્સપેક્ટર, મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઇથી જોઇ શકાય તે રીતે જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે.

આજ તા.૨૭/૦૭/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિકકો કરવામાં આવ્યો

(ટી.કે.ડામોર)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આહવા-ડાંગ

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

પ્રતિ,

મેનેજરશ્રી,

છાપકામ અને લેખન સામગ્રી, વડોદરા

૨/- ઉક્ત જાહેરનામુ આવતા રાજ્યપત્રકમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે તાકીદે મોકલવા વિનંતી છે.

**નકલ સવિનય રવાના::**

૧. નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, બ્લોક નં.૨, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

૨. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આહવા જિ.ડાંગ.

**નકલ જય ભારતસહ રવાના-:**

૧.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા તરફ: બહોળી પ્રસિધ્ધિ સારૂ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગ-આહવા

૩. નાયબ વન સંરક્ષકશ્રી ઉત્તર / દક્ષિણ વન વિભાગ, ડાંગ-આહવા.

૪. ચીફ ઓફીસરશ્રી, નોટીફાઇડ એરીયા, સાપુતારા જિ.ડાંગ.

૫. સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, આહવા જિ.ડાંગ.

૬. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, આહવા જિ.ડાંગ..

૭. અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડાંગ-આહવા

**નકલ રવાના -:**

૧. એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/સુબીર/વઘઇ જિ.ડાંગ.

૨. તાલુકા વિકાસ અધિકારીશ્રી, આહવા/સુબીર/વઘઇ જિ.ડાંગ.

૩. પોલીસ સબ ઇન્સપેક્ટરશ્રી, આહવા/સુબીર/વઘઇ જિ.ડાંગ.

**નકલ વધારાની પાંચ નકલો સહિત રવાના:-**

સહાયક માહિતી નિયામકશ્રી, આહવા જિ.ડાંગ તરફ:

૨/- ઉક્ત જાહેરનામું લોકોની જાણ માટે તમામ વર્તમાનપત્રોમાં વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.

**નકલ:-** કચેરીના નોટીસ બોર્ડ ઉપર